


## ગુજરાતમાં સૌથી વધુ ટોલટેક્સ સોનગઢનાં માંડળ ટોલપ્લાઝા પર વસૂલાય ત્યારે આધુનિક સુવિધાની સામે ખાડાઓની વણઝારની ભેટ, વાહનચાલકોને જીવને જોખમ

# ટોલ ટેક્સ રસ્તાનો કે ખાડાનો?

**ઉચ્છલથી** લઈ બાજીપુરા સુધીનો રસ્તો માત્ર ૪ માસમાં જ બિસમાર થયો, નબળી કામગીરી સાથે ભ્રષ્ટાચારની છાપરે ચઢી પોકારી રહ્યો છે, મુખ્યમંત્રીએ રોડનાં ખાડાઓ નહીં પૂરનારાઓ સામે કડક પગલાં ભરવાનાં આદેશો આપ્યા છતાં સ્થાનિક કક્ષાએ કોઇ નક્કર કાર્યવાહી નહીં, NHAIની ખરાબ રસ્તાઓની મરામત ગોકળગતિએ

વ્યારા: ઉચ્છલથી લઈ છેક બાજીપુરા સુધી અને તેમાંય ખાસ કરીને સોનગઢ- વ્યારા અને સોનગઢ- ઉચ્છલ વચ્ચે નેશનલ હાઈવે પર પડેલા ખાડાને લઈને હવે વાહનચાલકો ત્રાહિમામ પોકારી રહ્યા છે. આ ખાડાઓને લઈને વાહનોમાં ભારે નુકસાનની સાથે સાથે અકસ્માતો પણ થઈ રહ્યા છે. NHAI દ્વારા આ ખરાબ રસ્તાઓની મરામત ન કરાવતા ટોલનાકા ભરી નીકળતા વાહનચાલકોએ 'રોડ નહીં તો ટોલ નહીં' ની વહિવટીતંત્ર સામે ગુહાર લગાવી છે. અન્ય જિલ્લામાં કલેક્ટર દ્વારા ખાડાઓનાં દૂષણ સામે જવાબદારો સામે કાર્યવાહી કરવામાં આવે છે, ત્યારે તાપી જિલ્લાનું વહિવટીતંત્ર આ મામલે વામણું પુરવાર થયું છે. ગુજરાતમાં સૌથી વધુ ટોલ માંડળ ટોલપ્લાઝા પર વસૂલાય છે, સુવિધાઓ તો



દૂર પરંતુ પરંતુ ખાડાઓનાં કારણે આ માર્ગે અકસ્માતોની વણઝાર ઉપરાંત નિર્દોષ વાહનચાલકો મોતનાં ખપ્પરમાં હોમાઇ રહ્યા છે. મુખ્યમંત્રીએ રોડનાં ખાડાઓ નહીં પુરનારાઓ સામે કડક પગલાંનાં આદેશો આપ્યા છે, છતાં સ્થાનિક કક્ષાએ હાઈવે ઑથોરિટી સામે કોઈ કાર્યવાહી થતી દેખાતી નથી.

ઉચ્છલથી લઈ છેક બાજીપુરા સુધીનાં રસ્તાનું માત્ર ૪ માસ પહેલાં જ નવીનીકરણ થયું હતું છતાં આ નેશનલ હાઈવેની દુર્દશા સર્જાતા ખાડાઓને લઈને તદ્દન નબળી કામગીરી સાથે ભ્રષ્ટાચાર છાપરે ચઢીને પોકાર્યો છે. સારો રસ્તો બને તે માટે NHAI ના એન્જિનિયરોને સરકાર લાખોનો માસિક પગાર ચૂકવે છે, સોમા આઈસોલેક્સ કંપનીએ પણ સારો માર્ગ બને માટે એન્જિનિયરો રોક્યા છે. માત્ર ૪ માસમાં ખાડા પડી જતા હોય ત્યારે હલ્કી કક્ષાનું મટેરિયલ્સ અને નિમ્ન કક્ષાની કામગીરી જવાબદાર ગણાય. રોજનાં લાખોનો ટોલ વસૂલાય છતાં ખાડા પુરવા કે રોડ રિપેરિંગ જેવી કામગીરી ગોકળગાય ગતિએ કેમ?

### વાહનોને નુકસાન, ઈંધણ, સમયનો બગાડ સાથે ટોલ ટેક્સ

સ્થાનિકોનું કહેવું છે કે ચોમાસામાં દર વર્ષે આ રોડ પર ખાડા પડે છે અને તંત્ર દ્વારા માત્ર બ્લોક બેસાડીને ખાડાનું પુરાણ કરી દેવામાં આવે છે. જ્યારે પાછો વરસાદ પડે એટલે બ્લોક ઉછળી વાહનચાલકોને વાગતાં હોય નિર્દોષોનો ભોગ લેવાય છે. આવા સમયે વાહનચાલકોને હોસ્પિટલ ખસેડવા કે હેરાન પરેશાન થવાનો વારો આવે છે. નેશનલ હાઇવેની જ આવી બદતર સ્થતિ જોતાં અનેક પ્રશ્નો ઉદભવે છે, કે હાઇવે પર ટોલ ટેક્સ ઉઘરાવવા છતાં હાઇવેની સ્થિતિ આટલી બદતર કેમ? રોડ પરના ખાડાઓને કારણે વાહનોમાં નુકસાન, મોંઘા ભાવના ઈંધણનો બગાડ અને ખાસ તો સમયનો પણ બગાડ પણ થઈ રહ્યો છે.

### NHA સામે જિલ્લા રોડ સેફ્ટી કમિટીની કોઇ કાર્યવાહી નહીં!

મહીસાગર અને વલસાડ સહિતના જિલ્લાના હાઈવે ઉપર અસંખ્ય પડેલા ખાડાને લઈ જિલ્લા રોડ સેફ્ટી કમિટી દ્વારા હાઇવે ઓથોરિટીને દંડ ફટકારવામાં આવ્યા છે. જો કે, રાજ્યમાં પહેલી વખત આવી ઘટના સામે આવી કે, જેમાં નેશનલ હાઈવે ઓથોરિટીને જિલ્લા કલેક્ટર સમિતિ દ્વારા દંડ કરવામાં આવ્યો હોય. પરંતુ આ મામલે તાપી જિલ્લા કક્ષાએથી રોડ સેફ્ટી કમિટીની કોઇ નક્કર કાર્યવાહી સામે આવી નથી.

**NHAI નાં અધિકારી એ જણાવ્યું હતું કે, વરસાદ રોકાતા ખાડા પુરવાની કામગીરી કરાય છે. બ્લોક- કોંક્રિટથી પેચવર્ક કરવામાં આવે છે.**

# કીમ, મૂળદમાં ઘર માલિકોને જાણ વિના સ્માર્ટ મીટર ફિટ કરાતાં રોષ

**સ્માર્ટ** મીટર પ્રિપેડ નથી, મહિનાનું એ જ રીતે બિલ આવશે: વીજ કંપની અધિકારી

કીમ: ઓલપાડના કીમ ગામના લોકો છેલ્લા ઘણા વર્ષોથી વીજ સંબંધિત ઘણી સમસ્યાઓનો સામનો કરી રહ્યો છે. થોડા સમય અગાઉ સ્માર્ટ મીટર લગાડવા આવેલી ટીમને અટકાવી રહીશો એ ગ્રાહકોએ વિરોધ નોંધાવ્યો હતો. અને મિટર બદલવાની કામગીરી અટકાવી હતી ત્યારે હવે ફરીથી કીમ અને મૂળદ ગામના છેવાડે આવેલા એપાર્ટમેન્ટ અને સોસાયટીમાં મીટર બદલવાની કામગીરી થઇ રહી છે.

શુભમ, કાવ્ય, પ્રતિષ્ઠા, સ્વસ્તિક, હિદવા, ઓમ સહિતની સોસાયટીમાં ઘર માલિકોની જાણ બહાર સ્માર્ટ મીટર લગાવવામાં આવતા લોકોમાં રોષ જોવા મળ્યો હતો. તો બીજી તરફ સ્થાનિકો દ્વારા જી.ઇ.બી. ઓફિસમાં સંપર્ક કરતાં અધિકારીઓએ સ્પષ્ટતા કરી કે લગાવવામાં આવેલું મીટર એ સ્માર્ટ મીટર નથી.

આ અંગે અમે કીમ સબ ડિવિઝનમાં ફરજ બજાવતા વીજ અધિકારીનો ટેલિફોનિક સંપર્ક કરતાં જણાવ્યું હતું કે આ મીટરો સ્માર્ટ મીટર જ છે, પણ પ્રિપેડ મીટર નથી, સરખા જ મીટર છે પરંતુ બે મહિનાને બદલે એક મહિનાનું એ જ રીતે બિલ આવશે અને અમે ઘર માલિકોને જાણ કરીને જ મીટર ફિટ કરીએ છીએ. કોઈ ઘર બહાર હોઈ શકે છે.


### ઉંચામાળામાં સ્માર્ટ મીટર કાઢવા 8 દિનનું અલ્ટિમેટમ, મીટરની હોળી કરવાની ચીમકી



વ્યારા: વ્યારામાં ઉંચામાળા ગ્રામ પંચાયત વિસ્તારમાં ગ્રામજનો દ્વારા સ્માર્ટ મીટરનો વિરોધ દર્શાવવામાં આવ્યો છે. આ મીટર તાત્કાલીક ધોરણે કાઢી લેવા ગ્રામજનોએ જણાવ્યું છે. કાઢવામાં ન આવે તો તેની જવાબદારી ડીજીવીસીએલના અધિકારીની રેહેશે એવું લેખિતમાં જણાવ્યું છે. દિન ૮ માં મીટર ઉપાડી લેવામાં નહીં આવે તો મીટરની હોળી કરવાની ચીમકી પણ આપી છે. બે દિવસ પહેલાં સોનગઢ સરકારી આવાસમાં થતી આ કામગીરીનો મોટાપાયે વિરોધ થયો હતો.

## સંક્ષિપ્ત સમાચાર

### તાપી જિલ્લામાં લમ્પીએ માથું ઊંચક્યું, ૨૦ ગૌવંશમાં લક્ષણો દેખાયાં



વ્યારા: તાપી જિલ્લામાં લમ્પીએ ફરી માથું ઉચકતા પશુપાલકોમાં ફફડાટ વ્યાપી ગયો છે. ૨૦ જેટલા ગૌવંશોમાં લક્ષણો જોવા મળતાં પશુપાલન વિભાગ દોડતું થયું છે. જિલ્લાના વ્યારા, સોનગઢ, વાલોડ, કુકરમુંડા, ડોલવણ અને નિઝર તાલુકાના ૨૦ જેટલા ગામોમાં ગાયોમાં લમ્પી વાયરસના લક્ષણો દેખાયા છે. અત્યાર સુધીમાં ૨૭ જેટલા પોઝિટિવ કેસો નોંધાયા છે. જેમાં ૬ કેસો રિકવર કરાયા છે. પશુપાલન વિભાગે જણાવ્યું છે કે ૧.૨૦ લાખથી વધુનું રસીકરણ કરાયું છે.

### ઓલપાડની ન્યૂ સિટી રેસિડન્સીમાંથી દારૂના જથ્થા સાથે બે મહિલા સહિત ત્રણ ઝડપાયાં

ઓલપાડ: ઓલપાડ પોલીસે બાતમીને ન્યુસિટી રેસિડન્સીના મકાન નં. 75માં રેઈડ કરી દારૂના જથ્થા સાથે ટીંકાભાઇ ઉર્ફે કાંતિભાઇ રમણભાઇ રાઠોડ (ઉં.વ.૪૧), ઉષાબેન ટીંકાભાઇ ઉર્ફે કાંતિભાઇ રમણભાઇ રાઠોડ (ઉં.વ.૪૨), ભાવિકાબેન ઉર્ફે ખુશ્બુબેન D/O ટીંકાભાઇ ઉર્ફે કાંતિભાઇ રમણભાઇ રાઠોડ (ઉં.વ.૨૨)ને ઝડપી પાડ્યા હતા. પોલીસે તપાસ કરતાં ઘરમાંથી અને બે મોપેડમાંથી 722 નંગ રૂ.4.22 લાખનો દારૂ અને બીયરનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે દારૂ, બે મોપેડ સહિત કુલ 5.52 લાખનો મુદ્દામાલ કબજે કરી દારૂનો જથ્થો મંગાવનાર આનંદ ઉર્ફે કરન ટીંકાભાઇ રાઠોડને વોન્ટેડ જાહેર કર્યો હતો.

### તાતીથૈયામાં ગેરકાયદે ગેસ રિફિલિંગ કરતા એક ઝડપાયો

પલસાણા: તાતીથૈયા ગામે સોનીપાર્ક 2માં આવેલા શિવ શક્તિ કોમ્પલેક્સની બાજુમાં આવેલી દુકાનમાં એક ઈસમ ફાયર સેફ્ટીના સાધનો વગર ગેરકાયદે રીતે ગેસ સિલિન્ડર રિફિલિંગ કરી રહ્યો હોવાની બાતમીના આધારે સુરત જિલ્લા એસઓજીની ટીમે છાપો માર્યો હતો. અને ગેરકાયદે ગેસ રિફિલિંગ કરી રહેલા જટહુ ઉર્ફે જીતુભાઈ ચલિતર પંડિત (ઉં.વ.40, રહે., તાતીથૈયા, સોનીપાર્ક-2, તા. પલસાણા, મૂળ બિહાર)ની ધરપકડ કરી હતી. પોલીસે સ્થળ પરથી ગેસ સિલિન્ડર, રિફિલિંગના સાધનો, વજન કાંટો સહિત કુલ 11,500 રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

### નિઝરના દેવાળા ગામે સ્કૂલ વાને અઢી વર્ષની બાળકીને કચડી નાંખી

વ્યારા: નિઝરના દેવાળા ગામે આદિવાસી ફળિયામાં અંકલભાઇ ઉર્ફે ઉખાભાઈ ભીખાભાઇ ઠાકરેના ઘરના આંગણામાં અન્ય બાળકો સાથે રમતી તેમની અઢી વર્ષની માસૂમ પૌત્રી વૈષ્ણવી પ્રભુભાઇ ઠાકરેને તા.૩૦/૦૭/૨૦૨૫ના રોજ બપોરે ૩ વાગ્યાના અરસામાં સ્કૂલવાન ઇકો ગાડી (નં. જીજે ૨૬ એબી ૪૪૨૦)ના ચાલકે અડફેટમાં લેતાં વૈષ્ણવીનાં કપાળના ભાગે તથા છાતીમાં ગંભીર ઇજા થતાં તાત્કાલિક ૧૦૮માં સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડાઇ હતી. જ્યાં તેનું સારવાર દરમ્યાન મોત નીપજ્યું હતું. બનાવ અંગે અંકલભાઇએ ફરિયાદ આપતાં પોલીસે ઇકો કારચાલક વિરુદ્ધ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

### પાલોદમાં ભાડુઆતની માહિતી પોલીસને નહીં આપનાર મકાનમાલિક સામે કાર્યવાહી

હથોડા: પાલોદના સાનિધ્ય ટાઉનશીપના મકાન નંબર 272 અને 273 ના માલિક અર્જુન પ્રસાદ સુખદેવે મકાન ભાડે આપ્યા બાબતે ભાડા કરાર કર્યો છે કે કેમ ? તેમજ મકાન ભાડે આપી અંગે પોલીસ સ્ટેશનમાં માહિતી આપી છે કે કેમ? જે પોલીસે બાબતે પૂછપરછ કરતાં ભાડા કરાર નહીં કરી અને માહિતી પણ પોલીસ સ્ટેશનમાં નહીં આપી હોવાનું બહાર આવ્યું હતું. જેથી પોલીસ મકાન માલિક સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.


### વાલોડ પૂર્ણા નદીના બ્રિજ પર બાઇક મૂકી ગાયબ યુવકનો મૃતદેહ મળ્યો

વ્યારા: બુહારી અંધાત્રી ગામની વચ્ચે પૂર્ણા નદીના બ્રિજ ઉપર પોતાની બાઈક (નં. GJ 19 N 3954) મૂકી સુનિલ કેશરભાઇ પ્રજાપતિ (કુમાવત) (ઉં.વ.૨૮)(રહે., ગામીત ફળિયું, કલકવા ગામ, મૂળ રાજસ્થાન) તા.૩૦/૦૭/૨૦૨૫ ક્યાંક ચાલ્યો ગયો હોય કે નદીના પાણીમાં કૂદી ગયો હોય, મળી નહીં આવતાં પોલીસમથકે જાણવાજોગ નોંધ થઈ હતી. જેનો મૃતદેહ હથુકા સ્મશાન પાસેથી પાણીમાંથી મળી આવ્યો હતો. પોલીસે મૃતદેહનો કબજો લઈ પોસ્ટમોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી છે.

# કુકરમુંડામાં દીપડાનો આતંક, ચીખલીપાડા ગામે બકરીનું મારણ કર્યું, લોકોમાં ભય

વ્યારા: કુકરમુંડાના ચીખલીપાડા ગામમાં દીપડાના આતંકની તાજી ઘટના ફરીથી સામે આવી છે. ગામના નમુભાઈ બેલવ્યાભાઈ પાડવીના ઘર પાસે બાંધેલી બકરીને રાત્રે એક ખૂંખાર દિપડો ખેંચી લઈ ગયો હતો. દિપડાએ બકરીને નજીકના શેરડીના ખેતરમાં લઈ જઈને મારણ કર્યું હતું. સવારે ગામલોકોએ શોધખોળ કરતાં બકરીનું માથું અને પગ ખેતરમાં પડેલા મળ્યા હતા. આ ઘટનાને પગલે ગ્રામજનો અને ખાસ કરીને ખેડૂતોમાં ભારે ભયનો માહોલ વ્યાપી ગયો છે. સ્થાનિકોએ વન વિભાગ સમક્ષ દિપડાની હાલચાલ અંગે તાકીદે પગલાં લેવાની માંગ કરી છે. દિપડો વારંવાર ગામની આસપાસ આવી રહે છે જે લોકોને જીવના જોખમમાં મૂકે છે. ખેડૂતોની હવે માંગ કરી રહ્યા છે કે, એમના ગામની આજુબાજુ પાંજરા ગોઠવવામાં આવે તેમજ દિપડાની હિલચાલ પર નજર રાખવામાં આવે. ગામજનોએ વનવિભાગ અને તંત્રને આ ઘટનાને ગંભીરતાથી લઈ પગલાં ભરવાની અપીલ કરી છે. હવે વારંવાર કુકરમુંડા તાલુકામાં દિપડાનો કહેર જોવા મળી રહ્યો છે ત્યારે વન વિભાગની કાર્યવાહી સામે લોકો આશા રાખી રહ્યા છે.

### અક્કલકૂવાના મોટી રાજમોઈ ગામે કરંટ લાગતા દીપડાનું મોત



વ્યારા: કુકરમુંડા તાલુકાને અડીને આવેલા મહારાષ્ટ્ર રાજ્યના નંદુરબાર જિલ્લાના અક્કલકુવા તાલુકાના મોટી રાજમોઈ ગામમાં દીપડાને કરંટ લાગવાથી મોતની ઘટના સામે આવી છે. ગામના ખેડૂત સંજય રામસિંગ વળવીના ખેતરમાં ઘર ઉપર દીપડો ચઢી ગયો હતો. ત્યાંથી પસાર થતી વીજલાઈનના સંપર્કમાં આવતા દિપડાને કરંટ લાગતા ઘટના સ્થળ પર જ દીપડાનું મોત નીપજ્યું હતું.

# જંબુસરના વડદલા ગામે દીપડાએ 3 પશુનો શિકાર કર્યો, પશુપાલકોમાં ફફડાટ

ભરૂચ: જંબુસરના વડદલા ગામે દીપડાએ ત્રણ પશુઓનો શિકાર કરતાં પશુપાલકોમાં ફફડાટ ફેલાયો છે. દીપડાઓ હવે ગામડાઓમાં પ્રવેશ કરતાં ગ્રામજનો અને તેમના દૂધાળા પશુઓ માટે સલામતી માટે પ્રશ્નાર્થ ઊભા થયા છે.

આવો જ એક બનાવો જંબુસરના વડદલા ગામે પ્રકાશમાં આવ્યો છે. જંબુસર તાલુકાના વડદલા ગામ ખાતે રહેતા રાજેન્દ્રસિંહ યાદવ તેમજ હરેન્દ્રસિંહ સિંધા નામના પશુપાલકોએ તેમના પશુને ખેતરમાં બાંધ્યા હતા. આ દરમિયાન અચાનક દીપડો આવીને ત્રણ પશુઓને ફાડી ખાધા હતા.

આ અંગેની જાણ થતાં જ પશુપાલકો ચિંતાતુર બની ગયા હતા. તપાસ કરતાં દીપડાઓના પંજાના નિશાન મળ્યા હતા. જેને લઈને વન વિભાગને જાણ કરવામાં આવતા વન વિભાગ દ્વારા ખેતરોમાં પાંજરું ગોઠવી દીપડાને પકડવાની તજવીજ હાથ ધરાઈ છે.

# હલધરુ નજીકથી 2.51 દારૂ ભરેલો ટેમ્પો ઝડપાયો, ચાલક ફરાર

**ચોરખાનામાંથી** કુલ 903 દારૂની બોટલો મળી આવી

પલસાણા: બારડોલીથી હલધરુ પાટિયા તરફથી એક ટાટા છોટા હાથી ટેમ્પોચાલક ટેમ્પોમાં ચોરખાનું બનાવી વિદેશી દારૂનો જથ્થો સંતાડી લાવી પરબ તરફ આવી રહ્યો હોવાની બાતમીના એલ.સી.બી. પોલીસે નાકાબંધી કરી હતી. બાતમીવાળો છોટા હાથી ટેમ્પો (નં. GJ 16 W 9548) આવતા, તેને રોકવાનો ઈશારો કરતાં ચાલકે પોતાનો ટેમ્પો હલધરુ-પરબ રોડ વચ્ચે આવેલા ખેતરાળી રસ્તા ઉપર હંકારી દીધો અને ટેમ્પો ઊભો રાખીને નાસી ગયો હતો. પોલીસે લોખંડની પ્લેટ મૂકીને બનાવેલા ચોરખાનામાંથી મોટા પ્રમાણમાં વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે 903 નંગ દારૂની બોટલો/ટીન, જેની કુલ કિંમત 2,51,940, ટેમ્પો, કબજે કર્યો હતો.


ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી
સધર્ન ગુજરાત ચેમ્બર ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ સેન્ટર
SGCCI
SGCTIDC
GFRRC
સિલ્ક રિપ્લેસમેન્ટ કપડું બનાવવા, સ્પોર્ટ્સ વેર, ટેકનિકલ ટેક્ષ્ટાઈલ અને મેડિકલ ટેક્ષ્ટાઈલમાં ઉપયોગમાં લેવાતા સ્પેશ્યલ યાર્ન તેમજ સિલ્ક અને ગોલ્ડ જરીનું ભવ્ય પ્રદર્શન
7th EDITION
ઉદ્ઘાટન સમારોહ
શુક્રવાર, તા. ૧લી ઓગષ્ટ, ૨૦૨૫
સવારે ૧૦:૦૦ કલાકે
સેમિનાર હોલ-એ, SIECC ડોમ, સરસાણા, સુરત.
YARN EXPO™
An International Trade Show
1 2 3 AUG. 2025
સમય: સવારે ૧૦:૦૦ થી સાંજે ૭:૦૦ કલાક સુધી
સ્થળ: સુરત ઈન્ટરનેશનલ એક્ઝિબિશન એન્ડ કન્વેન્શન સેન્ટર, સરસાણા, સુરત.
POWERED BY: Reliance Industries Limited – Growth is Life
PLATINUM SPONSOR: PERFECT FILAMENTS LTD. Mfg.: TEXTURISED FILAMENT YARN, TWISTED, AIRTEX & POY YARN
GOLD SPONSORS: ADITYA BIRLA GRASIM | Raysil The fashion yarn | Aksharlon Industries Pvt. Ltd. Shine Beyond Limits | Bhilosa Industries Private Limited
FASHION SHOW MAESTRO: Liberty's
ANNUAL EVENT PARTNERS: SFA SINGHI FINANCIAL ADVISORS Siddharth Pradeep Singhi | JAINAM Prosperity with Security | Luthra Group Renewing Hope | GEPIL | SOLEX ENERGY | Liberty's | KP GROUP www.kpgroup.co | SIGNATURE RAPIER-JACQUARD-AIRJET | NJ GROUP | JBGO JAY BHAGWAN GROUP ORGANIZATION | Mehta Wealth | THE SURAT PEOPLE'S CO-OP. BANK LTD. | ARISE INTEGRATED INDUSTRIAL PLATFORMS




Ganpat University || विद्यया समाजोत्कर्षः ||
Centre for Management Studies and Research
CENTRE OF EXCELLENCE NOTIFIED BY GOVERNMENT OF GUJARAT
ઇન્ડસ્ટ્રી ફોકસ્ડ
એમ.બી.એ
પ્રોગ્રામ
બનાવો એક વિશિષ્ટ કરિયર !
Outlook ICARE – OUTLOOK - ICARE INDIA UNIVERSITY RANKINGS – TOP STATE PRIVATE UNIVERSITIES IN INDIA RANKED Ganpat University – 2022 15TH, 2023 13TH, 2024 12TH – WWW.GUNI.AC.IN
Ganpat University CENTRE FOR MANAGEMENT STUDIES AND RESEARCH HAS BEEN RATED AA+ INDIA'S BEST B-SCHOOL 2025 CAREERS360
MEMBER AMDISA
મેનેજમેન્ટને લગતું જરૂરી જ્ઞાન મેળવો અને આકર્ષક નોકરીની તક મેળવો.
20 વર્ષનો શિક્ષણ વારસો ધરાવતી
ગણપત યુનિવર્સિટી - સેન્ટર ફોર મેનેજમેન્ટ સ્ટડીઝ એન્ડ રિસર્ચમાં
આજે જ એડમીશન લો અને ઉત્તરોત્તર પ્રગતિ કરતી મેનેજમેન્ટ કેરિયરનો ભાગ બનો.
એમ.બી.એ. (બિઝનેસ એનાલિટિક્સ-Powered by sas )
એમ.બી.એ. (એગ્રી બિઝનેસ)
એમ.બી.એ. (ફાર્માસ્યુટિકલ)
એમ.બી.એ. (ઇન્ટરનેશનલ બિઝનેસ)
એમ.બી.એ. (ફાઇનાન્સિયલ સર્વિસીસ)
એમ.બી.એ. (લોજિસ્ટિક એન્ડ સપ્લાયચેન મેનેજમેન્ટ)
એમ.બી.એ. (ઇનોવેશન, આંત્રપ્રિન્યોરશિપ એન્ડ વેન્ચર ડેવલપમેન્ટ) EILM Entrepreneurship Integrated Learning Model
એમ.બી.એ. (હેલ્થકેર એન્ડ હોસ્પિટલ મેનેજમેન્ટ with SHALBY MULTI-SPECIALTY HOSPITALS )
એમ.બી.એ. (ટેક્નોલોજી મેનેજમેન્ટ-Powered by sas )

Come and Explore the ocean of Opportunity!
ગણપત યુનિવર્સિટી-સેન્ટર ફોર મેનેજમેન્ટ સ્ટડીઝ એન્ડ રિસર્ચનો ભાગ બનો અને તમારા સ્વપ્નોની ઉંચાઈને સર કરો.
For Admission
Dr. Suraj Shah (+91 9099537372)
Ganpat University- Office, Ganesh Meridian, 3rd Floor, Block-A, Opposite Kargil Petrol Pump, Chanakya Puri Road, Sola, S.G. Highway, Ahmedabad- 380060, Gujarat, India
For admissions, Visit admission.guni.ac.in
DIAMOND QS I-GAUGE | NAAC A | GSIRF | CareEdge